**Kamlesh D. Khunt**
B.Com., LL.B.
ADVOCATE & NOTARY
( Govt. of INDIA )
Mo. : 98253 74551

૧...

તારીખ : ૦૫/૦૫/૨૦૨૩

# ॥ ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ ॥

આથી હમો એડવોકેટ **શ્રી કમલેશ ડી ખુંટ**, તો **બાલાજી ડેવલોપર્સ** ( **BALAJI DEVELOPERS** ) ॥ ના નામની એક ભાગીદારી પેઢી વતી તેના વહીવટકર્તા ભાગીદાર **શ્રી અતુલભાઇ બાબુભાઇ સાંગાણી**, ઠેકાણું : **બ્લોક નંબર : ૯૭**, ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૯૦ **સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨**, સરથાણા, સુરતના તરફથી મળેલ સુચના અને ફરમાયેશ અન્વયે નીચે જણાવેલ વર્ણનવાળી મિલકત અંગે જરૂરી મારા તરફથી નીચે મુજબ ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ આપવામાં આવે છે.

## -:: મિલકતનું વર્ણન ::-

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ પુણા તાલુકાના, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૫૧ તથા ૧૦૦ કે જેનો **બ્લોક નંબર : ૯૭** વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ **કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૦-૮૮-૮૦ ચો.મી.** પૈકી દક્ષિણ દિશા તરફની ૪૪૦૯.૫૫ ચો.મી. પૈકીની જમીન કે જે કુલ્લે જમીનને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતાં ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૯૦ ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૫૨૮૦ ચો.મી. છે તે પૈકી દક્ષિણ દિશા તરફની સબ પ્લોટ / ડિવીઝન અંગે મંજુર થયેલ પ્લાન મુજબ **સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨** વાળી બિનખેતી થયેલ જમીન કે જેનુ ક્ષેત્રફળ **૨૫૯૭.૭૩ ચો.મી.** છે તે બીનખેતી થયેલ જમીન મિલકત.

**સદરહુ સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨ વાળી જમીનની ચતુરસીમા નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| **પૂર્વે** | : | લાગુ રોડ |
| **પશ્ચિમે** | : | લાગુ ફાયનલ પ્લોટ નંબર : ૯૯ |
| **ઉત્તરે** | : | લાગુ સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૧ |
| **દક્ષિણે** | : | લાગુ રોડ |

ઉપરોકત જમીન-મિલકત અંગેના રેવન્યુ રેકર્ડ તથા મારી રૂબરૂ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા માલુમ પડે છે કે...

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી તાલુકાના, મોજે ગામ : સરથાણાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૦,૫૧ થી નોંધાયેલી જમીન ભગુભાઇ વિઠ્ઠલભાઈની માલીકી, કબજા ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલ.

ત્યારબાદ સદરહું.જમીનના માલીક ભગુભાઇ વિઠ્ઠલભાઈનું અવસાન થતા તેમના વારસદાર તરીકે તેમના ભાઇ સગીર ઈશ્વરભાઇ વિઠ્ઠલભાઈનાં કુદરતી વાલી બાઇ લખી તે વિઠ્ઠલ ઉકાની વિધવાનું દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૨૭ થી તારીખ : ૩૦/૧૦/૧૯૫૩ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીન નામદાર મુંબઇ સરકારનાં સને ૧૯૪૭ નાં ટુકડા બીલનો કાયદો નાટીફીકેશન બહાર પાડી તારીખ : ૧૧/૦૭/૧૯૫૫ મુજબ સદર જમીન નકકી કરેલ પ્રમાણભુત વિસ્તાર કરતા ઓછા વિસ્તાર વાળી હોય સદર જમીન ટુકડા તરીકે જાહેર કરવામાં આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૪૯ થી તારીખ : ૨૬/૦૯/૧૯૫૫ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ મોજે ગામ : સરથાણામાં એકત્રીકરણ યોજના લાગુ પડતા મહે. સેટલમેન્ટ કમીશ્નર સાહેબ અને જમીન રેકર્ડ નિયામક અમદાવાદનાં હુકમ અનુસાર સરથાણા ગામની સદર રેવન્યુ સર્વે નંબર : ૧૦૦, ૫૧ વાળી જમીનને બ્લોક નંબર : ૯૭ ફાળવવામાં આવેલ, જે અંગેની નોધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૩૫ થી તારીખ : ૦૮/૦૪/૧૯૭૬ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

Office : 501, 5th Floor, Sterling Point, Above Arihant jewelers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat-395006

NOTARY KAMLESH D. KHUNT ... 2025 GOVT. OF INDIA

# Kamlesh D. Khunt

B.Com., LL.B.

ADVOCATE & NOTARY

( Govt. of INDIA )

Mo. : 98253 74551

૨..

ત્યારબાદ સદરહું જમીનના માલીક ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈએ તેમની હયાતીમાં કુસુમબેન તે ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈની ધણીયાણી, અરવિંદભાઈ ઈશ્વરભાઈ, બાબુભાઈ ઈશ્વરભાઈ, અશોકભાઈ ઈશ્વરભાઈ તથા ઈન્દુબેન ઈશ્વરભાઈ પૈકી કુસુમબેન તે ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈની ધણીયાણી, અરવિંદભાઈ ઈશ્વરભાઈ, બાબુભાઈ ઈશ્વરભાઈ તથા અશોકભાઈ ઈશ્વરભાઈના નામો સામાયિકપણામાં સહમાલીક તરીકે દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૯૭ થી તારીખ : ૦૮/૦૫/૧૯૮૯ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીક ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈ, કુસુમબેન તે ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈની ધણીયાણી, અરવિંદભાઈ ઈશ્વરભાઈ, બાબુભાઈ ઈશ્વરભાઈ તથા અશોકભાઈ ઈશ્વરભાઈ સદર જમીન તથા અન્ય જમીનોની કૌટુંબીક વહેંચણી કરતા સદર જમીન બાબુભાઈ ઈશ્વરભાઈ તથા અશોકભાઈ ઈશ્વરભાઈના હિસ્સે આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૯૩૪ થી તારીખ : ૨૯/૦૧/૨૦૦૧ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીક બાબુભાઈ ઈશ્વરભાઈ તથા અશોકભાઈ ઈશ્વરભાઈએ તેમની હયાતીમાં ઉષાબેન તે બાબુભાઈ ઈશ્વરભાઈની ધણીયાણી, આનંદકુમાર બાબુભાઈ, જયાબેન તે અશોકભાઈ ઈશ્વરભાઈની ધણીયાણી તથા સગીર કૌશલકુમાર અશોકભાઈનાં કુદરતી વાલી જયાબેન અશોકભાઈનાં નામો સામાયિકપણામાં સહમાલીક તરીકે દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૯૩૬ થી તારીખ : ૦૧/૦૨/૨૦૦૧ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું મોજે ગામ : સરથાણામાં મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નંબર : (જે) બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬ થી તારીખ : ૧૯/૧૦/૨૦૦૬માં જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર : કેવી/૨૬/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી થી તારીખ : ૨૦/૦૭/૨૦૦૬ તથા જાહેરનામા નંબર : કેવી/૨૧૨/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી થી તારીખ : ૨૦/૦૭/૨૦૦૬ થી સુરત મહાનગરપાલીકાની હદનુ વિસ્તરણ થવાથી કામરેજ તાલુકાના સરથાણા ગામનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૨૭૫૭ તથા ૨૭૫૮ થી તારીખ : ૧૧/૦૧/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ અન જે નોંધ પ્રમાણીત થયેલ. તેમજ વહીવટી સરળતા ખાતર સીટી તાલુકાનુ વિભાજન થતા સીટી તાલુકાના ગામોને જુદા જુદા તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ અને તે મુજબ સીટી તાલુકાના મોજે ગામ સરથાણાનો શહેર સુરતના પુણા તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીનના માલીક બાબુભાઈ ઈશ્વરભાઈ, અશોકભાઈ ઈશ્વરભાઈ, ઉષાબેન તે બાબુભાઈ ઈશ્વરભાઈની ધણીયાણી, આનંદકુમાર બાબુભાઈ, જયાબેન તે અશોકભાઈ ઈશ્વરભાઈની ધણીયાણી તથા સગીર કૌશલકુમાર અશોકભાઈનાં કુદરતી વાલી જયાબેન અશોકભાઈ પૈકી સગીર કૌશલકુમાર અશોકભાઈ પુખ્તવય થતા પુખ્તવયનાં પુરાવા રજુ કરતા સગીર શબ્દ તથા સગીરનાં વાલી તરીકે નોંધાયેલ સ.વા. જયાબેન અશોકભાઈનું નામ કમી કરવામાં આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૭૧૫ થી તારીખ : ૨૧/૧૧/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ તારીખ : ૦૯/૦૨/૨૦૧૦ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીક બાબુભાઈ ઈશ્વરભાઈ, અશોકભાઈ ઈશ્વરભાઈ, ઉષાબેન તે બાબુભાઈ ઈશ્વરભાઈની ધણીયાણી, આનંદકુમાર બાબુભાઈ, જયાબેન તે અશોકભાઈ ઈશ્વરભાઈની ધણીયાણી તથા કૌશલકુમાર અશોકભાઈ પાસેથી સદર કુલ્લે જમીન પૈકી અડધી ૫૦% જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે ૦-૪૪-૪૦ ચો.મી. જમીન વિણાબેન નગીનભાઈએ વેચાણ રાખેલ. જે અંગેના વેચાણ દસ્તાવેજ મહે. સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નંબર : ૪૧૪૯ થી તારીખ : ૧૨/૦૮/૨૦૦૮ નાં રોજ નોંધાયેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૨૨૨ થી તારીખ : ૨૧/૦૯/૨૦૧૨ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ તારીખ : ૦૨/૦૨/૨૦૧૩ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીક બાબુભાઈ ઈશ્વરભાઈ, અશોકભાઈ ઈશ્વરભાઈ, ઉષાબેન તે બાબુભાઈ ઈશ્વરભાઈની ધણીયાણી, આનંદકુમાર બાબુભાઈ, જયાબેન તે અશોકભાઈ ઈશ્વરભાઈની ધણીયાણી

**Kamlesh D. Khunt**
B.Com., LL.B.
ADVOCATE & NOTARY
( Govt. of INDIA )
Mo. : 98253 74551



તથા કૌશલકુમાર અશોકભાઇ પાસેથી સદર કુલ્લે જમીન પૈકી અડધી ૫૦% જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે ૦-૪૪-૪૦ ચો.મી. જમીન વિણાબેન નગીનભાઇએ વેચાણ રાખેલ. જે અંગેના વેચાણ દસ્તાવેજ મહે. સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નંબર : ૨૧૭૯ થી તારીખ : ૧૪/૦૫/૨૦૧૨ નાં રોજ નોંધાયેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૨૪૫ થી તારીખ : ૦૭/૧૧/૨૦૧૨ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ તારીખ : ૨૫/૦૨/૨૦૧૩ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીક વિણાબેન નગીનભાઇ પાસેથી સદર કુલ્લે જમીન પૈકી દક્ષિણ દિશા તરફની જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે ૦-૪૪-૪૦ ચો.મી. જમીન શારદાબેન રવજીભાઇ ધામેલીયા તથા સંદિપકુમાર ધીરજલાલ ધામેલીયાએ વેચાણ રાખેલ. જે અંગેના વેચાણ દસ્તાવેજ મહે. સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નંબર : ૭૩૬ થી તારીખ : ૦૧/૧૦/૨૦૧૮ નાં રોજ નોંધાયેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૬૦૬૭ થી તારીખ : ૨૬/૧૦/૨૦૧૮ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ તારીખ : ૦૭/૦૧/૨૦૧૯ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ મોજે : સરથાણા ગામના બ્લોક નંબર : ૯૭ વાળી જમીન કે જેનુ ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૮-૮૦ ચો.મી. છે તે જમીનને ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) લાગુ પડતા ફાયનલ પ્લોટ નંબર : ૯૦ ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૫૨૮૦ ચો.મી. નકકી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું કુલ્લે જમીન પૈકી ૫૩૨૮.૦૦ ચો.મી. જમીન અંગે બીનખેતીની પરવાનગી માટે કલેકટર સાહેબશ્રી, સુરતનાને અરજી કરતાં, તેમના હુકમ નંબર : ૬૦૫/૨૨/૧૮/૦૬૫/૨૦૨૧ થી તારીખ : ૧૯/૦૫/૨૦૨૧ ના રોજ સદરહું જમીનમાં બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૬૪૭૨ થી તારીખ : ૧૯/૦૫/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૨૮/૦૬/૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીક વિણાબેન નગીનભાઇ, શારદાબેન રવજીભાઇ ધામેલીયા તથા સંદિપકુમાર ધીરજલાલ ધામેલીયા ( દક્ષિણ દિશા તરફની જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે ૦-૪૪-૪૦ ચો.મી. જમીન) પૈકી વિણાબેન નગીનભાઇનું તારીખ : ૦૭/૦૬/૨૦૨૧ ના રાજે અવસાન થતા તેમનાં સીધીલીટીનાં વારસદારો તરીકે સંજયકુમાર નગીનભાઇ પટેલ, કિર્તીબેન નગીનભાઇ પટેલ તે કિરણકુમારની પત્ની, સ્વાતીબેન નગીનભાઇ પટેલ તે પરેશભાઇની પત્ની, હેમાબેન નગીનભાઇ પટેલ તે ગિરિશભાઇની પત્ની તથા નેહાબેન નગીનભાઇ પટેલ તે ચેતનભાઇની પત્નીનાં નામો વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૬૫૨૨ થી તારીખ : ૧૫/૦૯/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ તારીખ : ૨૧/૧૦/૨૦૨૧ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ **મોજે ગામ : સરથાણા**ના રેવન્યુ સર્વે નંબર : ૧૦૦,૫૧ જેનો **બ્લોક નંબર : ૯૭** થી નોંધાયેલ જમીન કે જેનું ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૮-૮૦ ચો.મી. છે જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતા ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૯૦ ફાળવવામાં આવેલ અને તે મુજબ તેનુ કુલ્લે ક્ષેત્રફળ ૫૨૮૦ ચો.મી. થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન અંગે સુરત મહાનગર પાલીકા દ્વારા તેમના હુકમ ક્રમાંક : ૦૦૨LD૨૧૨૨૦૩૦૬, તારીખ : ૨૫/૦૪/૨૦૨૨ ના રોજથી ૨ સબ પ્લોટ / ડિવીઝન પ્લાન મંજુર કરવામાં આવેલ છે, તે કુલ્લે જમીન પૈકી **સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૧** કે જેનુ ક્ષેત્રફળ **૨૬૮૨.૨૭ ચો.મી.** તથા **સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨** કે જેનુ ક્ષેત્રફળ **૨૫૯૭.૭૩ ચો.મી.** છે.

ત્યારબાદ સદરહું જમીન અંગે મહે. મામલતદારશ્રી, સુરત શહેર પુણાનાં હુકમ નંબર : ઇ-ધરા/સુધારા હુકમ/પુણા/વશી.૨૬૮ થી ૨૬૯/૨૦૨૨ થી તારીખ : ૦૧/૦૬/૨૦૨૨ ના રોજ બ્લોક નંબર : ૯૭ કે જેનું ક્ષેત્રફળ ૦-૮૮-૮૦ ચો.મી. વાળી જમીનની ૭/૧૨ માં નામની સાથે દક્ષિણ દિશા તરફની ૪૪૪૦ ચો.મી.(૭/૧૨ મુજબ)ની જગ્યાએ દક્ષિણ દિશા તરફની ૪૪૦૯.૫૫ ચો.મી. (૭/૧૨ મુજબ) તથા એફ.પી. ૯૦ જેનું ક્ષેત્રફળ ૫૩૨૮ ચો.મી. પૈકી દક્ષિણ દિશા તરફની ૨૬૬૪ ચો.મી. ના બદલે ફા.પ્લોટ ૯૦ મુજબનું ક્ષેત્રફળ ૫૨૮૦ ચો.મી. છે તે પૈકી ફા. પ્લોટ પૈકી દક્ષિણ દિશા તરફની ૨૫૯૭.૭૩ ચો.મી. સુધારા હુકમ

**Kamlesh D. Khunt**
B.Com., LL.B.
**ADVOCATE & NOTARY**
**( Govt. of INDIA )**
**Mo. : 98253 74551**



કરવામાં આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૬૬૨૯ થી તારીખ : ૦૮/૦૬/૨૦૨૨ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ તારીખ : ૦૫/૦૭/૨૦૨૨ ના રોજ પ્રમાણીત થયેલ.

આમ, ત્યારથી **મોજે ગામ : સરથાણા**ના રેવન્યુ સર્વે નંબર : ૧૦૦,૫૧ જેનો **બ્લોક નંબર : ૯૭** થી નોંધાયેલ જમીન કે જેનું ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૮-૮૦ ચો.મી. છે જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતા ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૯૦ ફાળવવામાં આવેલ અને તે મુજબ તેનુ કુલ્લે ક્ષેત્રફળ ૫૨૮૦ ચો.મી. છે તે પૈકી ઉત્તર દિશા તરફની ૨૬૮૨.૨૭ ચો.મી. જમીનનાં માલીક સંજયકુમાર નગીનભાઈ પટેલ, કિર્તીબેન નગીનભાઈ પટેલ તે કિરણકુમારની પત્ની, સ્વાતીબેન નગીનભાઈ પટેલ તે પરેશભાઈની પત્ની, હેમાબેન નગીનભાઈ પટેલ તે ગિરિશભાઈની પત્ની તથા નેહાબેન નગીનભાઈ પટેલ તે ચેતનભાઈની પત્ની તથા દક્ષિણ દિશા તરફની ૨૫૯૭.૭૩ ચો.મી. જમીનનાં શારદાબેન રવજીભાઇ ધામેલીયા તથા સંદિપકુમાર ધીરજલાલ ધામેલીયા માલીક મુખત્યાર, કબજેદાર થયેલા અને ચાલી આવેલા.

આમ, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૫૧ તથા ૧૦૦ કે જેનો **બ્લોક નંબર : ૯૭** વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ **કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૦-૮૮-૮૦ ચો.મી.** પૈકી દક્ષિણ દિશા તરફની ૪૪૦૯.૫૫ ચો.મી. પૈકીની જમીન કે જે કુલ્લે જમીનને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતાં ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૯૦ ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૫૨૮૦ ચો.મી. છે તે પૈકી દક્ષિણ દિશા તરફની સબ પ્લોટ / ડિવીઝન અંગે મંજુર થયેલ પ્લાન મુજબ **સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨** વાળી બિનખેતી થયેલ જમીન કે જેનુ ક્ષેત્રફળ **૨૫૯૭.૭૩ ચો.મી.** છે તે બીનખેતી થયેલ જમીન મિલકતનાં માલીક શારદાબેન રવજીભાઇ ધામેલીયા તથા સંદિપકુમાર ધીરજલાલ ધામેલીયા પાસેથી સદરહું જમીન ॥ **બાલાજી ડેવલોપર્સ ( BALAJI DEVELOPERS )**॥ નામની ભાગીદારી પેઢી ( કે જેનો રજીસ્ટ્રાર ઓફ ફર્મ કચેરી, સુરત ખાતે **રજીસ્ટર્ડ નં. જીયુજેએસઆર ૨૧૦૦૬૪ છે.)** એ વેચાણ રાખેલ, અને જે અંગેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ રજીસ્ટ્રાર (નવાગામ) સાહેબની કચેરીએ અનુક્રમ નંબર : ૩૪૮૮ થી તારીખ : ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ નોધાયેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૬૮૧૩ થી તારીખ : ૨૬/૦૪/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ. અને એ રીતે ॥ **બાલાજી ડેવલોપર્સ ( BALAJI DEVELOPERS )**॥ ના નામની ભાગીદારી પેઢી માલિક, મુખત્યાર, કબજેદાર થયેલા અને ચાલી આવેલા અને સદરહું જમીન માલિક ॥ **બાલાજી ડેવલોપર્સ ( BALAJI DEVELOPERS )**॥ ના નામની ભાગીદારી પેઢી દ્રારા સદરહુ જમીન ઉપર રહેણાંકના હેતુ માટે ફલેટો બનાવેલ છે.

ત્યારબાદ સદરહું જમીનને ડેવલોપ કરવા માટે જરૂરી નકશાઓ તૈયાર કરી વિકાસ પરવાનગી મેળવવા સુરત મહાનગર પાલિકાનાં સમક્ષ મંજુરી માટે રજુ કરતાં જેના અનુસંધાને તેમનાં હુકમ નંબર : ટીડીઓ/ડીપી./ નં. ૦૫૧ તારીખ : ૧૭/૦૪/૨૦૨૩ નાં રોજ સદરહુ જમીન ઉપર રહેણાંકના હેતુ માટે અંગેનો પ્લાન મંજુર કરી બાંધકામ કરવા અંગેની ડેવલોપમેન્ટ પરમીશન / રજાચિઠ્ઠી આપવામાં આવેલ.

આમ, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૫૧ તથા ૧૦૦ કે જેનો **બ્લોક નંબર : ૯૭** વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ **કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૦-૮૮-૮૦ ચો.મી.** પૈકી દક્ષિણ દિશા તરફની ૪૪૦૯.૫૫ ચો.મી. પૈકીની જમીન કે જે કુલ્લે જમીનને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતાં ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૯૦ ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૫૨૮૦ ચો.મી. છે તે પૈકી દક્ષિણ દિશા તરફની સબ પ્લોટ / ડિવીઝન અંગે મંજુર થયેલ પ્લાન મુજબ **સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨** વાળી બિનખેતી થયેલ જમીન કે જેનુ ક્ષેત્રફળ **૨૫૯૭.૭૩ ચો.મી.** છે તે બીનખેતી થયેલ જમીન મિલકતમાં મંજુર થયેલ પ્લાન મુજબ આયોજીત ॥ **વિકટોરીયા ક્રાઉન** ॥ ના નામથી રહેણાંક હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગોનું આયોજન કરવામાં આવેલ છે તે પ્રોજેકટવાળી જમીન પુરતો જ આ ટાઇટલ અંગેનો રીપોર્ટ મારી રૂબરૂ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને આધારે આપવામાં આવેલ છે. જે અંગે મારા તરફથી સદર જમીન મિલકત અંગે તેને લાગુ સબ- રજીસ્ટ્રાર કચેરી સુરત ખાતે છેલ્લા ૩૦ વર્ષની તપાસ કરવામાં આવેલ છે અને તેના આધારે સદર મિલકતના માલીકીપણા અંગેના ટાઇટલ ચોખ્ખે

**Kamlesh D. Khunt**
B.Com., LL.B.
ADVOCATE & NOTARY
( Govt. of INDIA )
Mo. : 98253 74551

૫.

ચોખ્ખા, કલીયર અને માર્કેટેબલ છે તેમજ સદર મિલકત અંગે બેન્ક પાસેથી પ્રોજેક્ટ લોન રૂપી ધિરાણ મેળવવામાં આવેલ હોવાનુ જણાય છે.

**મારા તરફથી ચકાસણી કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓનું લિસ્ટ :**

૧. ।। બાલાજી ડેવલોપર્સ ( BALAJI DEVELOPERS )।। ના નામની ભાગીદારી પેઢી નામનો અનુક્રમ નંબર : ૩૪૮૮ થી તારીખ : ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ રજીસ્ટર્ડ થયેલ વેચાણ દસ્તાવેજ, રજીસ્ટ્રેશન પહોચ તથા ઈન્ડેક્ષ-૨ ની ઝેરોક્ષ નકલ,

૨. ।। બાલાજી ડેવલોપર્સ ( BALAJI DEVELOPERS )।। ના નામની ભાગીદારી પેઢીનુ પાનકાર્ડની ઝેરોક્ષ નકલ,

૩. ।। બાલાજી ડેવલોપર્સ ( BALAJI DEVELOPERS )।। ના નામની ભાગીદારી પેઢીના ભાગીદારોએ ફર્મ ઓફ રજીસ્ટ્રાર કચેરી, સુરત ખાતે પેઢી રજીસ્ટર કરાવેલ તેના સર્ટીફીકેટની ઝેરોક્ષ ટ્રુ કોપી થયેલ નકલ.

૪. ।। બાલાજી ડેવલોપર્સ ( BALAJI DEVELOPERS )।। ના નામની ભાગીદારી પેઢીની ભાગીદારી ડીડની ઝેરોક્ષ ટ્રુ કોપી થયેલ નકલ.

૫. સુરત મહાનગરપાલીકા દ્વારા આપવામાં આવેલ રજાચિઠ્ઠીની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ,

૬. ગામ નમુના નં ૭/૧૨ તથા ૮-અ ની હક પત્રક નમુના નંબર-૬ ની તમામ નોંધ સહીતની નકલો.

૭. એન.એ થયેલ હુકમની પ્રમાણિત થયેલ ઝરોક્ષ નકલ,

૮. મંજુર થયેલ લે-આઉટ, તથા સબ ડિવીઝન પ્લાનની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ

૯. સબ રજીસ્ટ્રારનુ બોજા પત્રક

NOTARY KAMLESH D. KHUNT SURAT CITY (GUJ.) REG. NO. 22057 EXPIRY DATE 28-08-2025 GOVT. OF INDIA

--------------------------------
**કમલેશ ડી. ખુંટ**
(એડવોકેટ & નોટરી)

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રેવન્યુ સર્વે નંબર : ૫૧ તથા ૧૦૦ કે જેનો બ્લોક નંબર : ૯૭, ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૯૦, સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨ બીનખેતી થયેલ જમીન મિલકત

Search in : સરથાણા /SARTHANA

પહોંચ નંબર 202311500017511 અરજી નંબર 6242 અરજી વર્ષ 2023

તારીખ 20 માહે એપ્રિલ સને 2023

રજુ કરનારનું નામ kamlesh d khunt

ટ્રાન્જેક્સન નંબર 20230420907236806

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | |
| શોધ અગર તપાસણી......વર્ષ : 1994 થી 2012 | 300.00 |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| અન્ય ફી | |
| કુલ એકંદરે રૂ. | 300.00 |

અંકે રૂપીયા ત્રણ સો પુરા

Naresh .R. Patel
સબ રજીસ્ટ્રાર
કામરેજ

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : kamlesh d khunt** અરજી નંબર : 6242 ગામ નું નામ : **SARTHANA**

**Search Year : - 2012** મિલ્કતનું વર્ણન : રેવન્યુ સર્વે નંબર : ૫૧ તથા ૧૦૦ કે જેનો બ્લોક નંબર : ૯૭, ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૯૦, સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨ બીનખેતી થયેલ જમીન મિલકત

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) Surat Kamrej** મા -19 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલ્બધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. **20/04/2023** સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

**નોંધ** :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકાર નું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ---------------------- **NO DATA AVAILABLE** ---------------------- | | | | | | | | |
| | | | | | | | | |

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેક્શન નંબર 20230420907236806 Date **20/04/2023** થી મળેલ છે.

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Surat Kamrej

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**

## અરજી પહોંચ

**મિલ્કત નું વર્ણન :** રેવન્યુ સર્વે નંબર : ૫૧ તથા ૧૦૦ કે જેનો બ્લોક નંબર : ૯૭, ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૯૦, સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨ બીનખેતી થયેલ જમીન મિલકત

**Search in :** સરથાણા/SARTHANA..

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૩૦૨૦૦૦૦૧૬૯૭૧ | અરજી નંબર | ૯૭૩૬ | અરજી વર્ષ | ૨૦૨૩ |
| તારીખ | ૨૦ | માહે | એપ્રિલ | સને | ૨૦૨૩ |

રજુ કરનારનું નામ kamlesh d khunt

ટ્રાન્જેક્સન નંબર 20230420590027184

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................................ | |
| શેરોની નકલ કરવા માટે ફી........................................ | |
| ટપાલ ખર્ચ........................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................................ | |
| શોધ અગર તપાસણી....................વર્ષ : 2013 થી 2023 | ૨૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫........................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................ | |
| નકલ ફી ફોલીયો........................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................ | |
| અન્ય ફી ........................................ | |
| કુલ એકંદરે રૂ. | ૨૨૦.૦૦ |

THE SEAL OF THE SUB REGISTRAR SURAT -3 (NAVAGAM) સુરત-૩ (નવાગામ) નો (સિક્કો)

અંકે રૂપીયા બે સો વીસ પુરા

Gajendrabhai Mafabhai Patel
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : kamlesh d khunt** અરજી નંબર : 9736 ગામ નું નામ : **SARTHANA..**

**Search Year : 2013 - 2023** મિલ્કતનું વર્ણન : રેવન્યુ સર્વે નંબર : ૫૧ તથા ૧૦૦ કે જેનો બ્લોક નંબર : ૯૭, ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૯૦, સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨ બીનખેતી થયેલ જમીન મિલકત

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-3 Navagam** મા -11 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. **20/04/2023** સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

**નોંધ** :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુકશાની માટેના કોઇપણ દાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર(જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ.29500000.00 | રેવન્યુ સર્વે નંબર : 51 તથા 100 કે જેનો બ્લોક નંબર : 97 વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૦-૮૮-૮૦ ચો.મી. પૈકી દક્ષિણ દિશા તરફની ૪૪૦૯.૫૫ ચો.મી. પૈકીની જમીન કે જે કુલ્લે જમીનને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતાં ટી.પી. સ્કીમ નંબર : 85 (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : 90 ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૫૨૮૦ ચો.મી. છે તે પૈકી દક્ષિણ દિશા તરફની સબ પ્લોટ / ડિવીઝન અંગે મંજૂર થયેલ પ્લાન મુજબ સબ પ્લોટ / ડિવીઝન નંબર : 2 વાળી બિનખેતી થયેલ જમીન કે જેનુ ક્ષેત્રફળ 2597.73 ચો.મી. | | | શારદાબેન રવજીભાઇ ધામેલીયા સંદિપકુમાર ધીરજલાલ ધામેલીયા | II બાલાજી ડેવલોપર્સ II નામની ભાગીદારી પેઢી | 10-03-2023<br>10-03-2023 | 3488 | |

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર 20230420590027184 Date **20/04/2023** થી મળેલ છે.

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT-3 (NAVAGAM) * સબ રજીસ્ટ્રાર સુરત-3 (નવાગામ) ની સિક્કો

સબ-રજીસ્ટ્રાર

પ્રિન્ટ તારીખ : 20/04/2023 16:53:00

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : kamlesh d khunt** અરજી નંબર : 9736 ગામ નું નામ : **SARTHANA..**

**Search Year : 2013 - 2023** મિલ્કતનું વર્ણન : રેવન્યુ સર્વે નંબર : ૫૧ તથા ૧૦૦ કે જેનો બ્લોક નંબર : ૯૭, ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૯૦, સબ પ્લોટ / ડિવીઝન નંબર : ૨ બીનખેતી થયેલ જમીન મિલ્કત

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-3 Navagam** મા -11 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. **20/04/2023** સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નક્શાની માટેના કોઇપણ દાવા માટે તે જવાબદાર રહેશે નહિ

**Sub-Registrar Office(SRO) SURAT-3 Navagam**

